ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરમાં 'બાપ્પા'ને ભાવભરી વિદાય

## શહેરના મોટા ભાગના સાર્વજનિક ગણેશોત્સવના સમાપન : ધોળેશ્વર મહાદેવ તરફના માર્ગો પર બપોર પછી ટ્રાફિક વધી ગયો











ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં આજે મોટી સંખ્યામાં ગણેશ વિસર્જન યોજાયું હતું. જેમાં સાર્વજનિક ગણેશ મહોત્સવો તથા વ્યકિતગત ધોરણે શ્રધ્ધાળુઓ દ્વારા પોતાના ઘરે કરવામાં આવેલા ગણેશ સ્થાપનનો સમાવેશ થાય છે. ગાંધીનગર પાસેની સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન યોજાયા હતા જેના પગલે ધોળેશ્વર મહાદેવ અને કરાઈ તરફના માર્ગો પર ગણેશ વિસર્જન માટે ધસારો થતા ટ્રાફિક જામના દશ્યો જોવા મળ્યા હતા. શ્રધ્ધાળુઓએ શ્રીજીને આવતા વર્ષે જલ્દી પધારવા વિનવણીઓ કરી હતી.

ગાંધીનગરમાં સે-૨-સી, સે-૭-ડી, સે-૫-એ તથા સે-૨૨ સહિતના મોટા ભાગના સેકટરોમાં આયોજિત સાર્વજનિક ગણેશ મહોત્સવનું આજ ગણેશ વિસર્જન સાથે સમાપન થયું હતું. દરેક ગણેશોત્સવના આયોજકોએ પોતાની અનુકુળતા મુજબ શુભ ચોઘડીયામાં ગણપતિ વિસર્જન હાથ ધર્યુ હતું. જેમાં મોટે ભાગે બપોર પછીના સમયે સૌથી વધુ ગણેશ વિસર્જન યોજાયા હતા. જેના કારણે શહેરના માર્ગો પર ગણેશ વિસર્જન માટે ઢોલ-નગારાના તાલ સાથે દોડતા વાહનો સતત જોવા મળ્યા હતા. ધોળશ્વર મહાદેવ પાસે સાબરમતી નદીના પટમાં સૌથી વધુ વિસર્જન યોજાયા હતા જેને કારણે ચ-૦ થી લઈને ધોળેશ્વર મહાદેવ મંદિર સુધીના માર્ગ પર વારંવાર 'ગણપતિ બાપ્પા મોર્યા, અગલે બરસ તું જલ્દી આ' જેવા શ્રધ્ધાળુઓના પોકારો સાંભળવા મળ્યા હતા. ધોળેશ્વર મહાદેવ ઉપરાંત કરાઈ પાસેના મહાદેવના મંદિર નજીક અને ચિલોડા પુલ નીચે સાબરમતી નદીમાં ગણેશ વિસર્જન યોજાયા હતા.

શહેરના શ્રધ્ધાળુઓએ પોતાના ઘરે સ્થાપેલ ૭ દિવસ માટેના ગણપતિનું વિસર્જન કર્યુ હતું. ભાવિકોએ પોતાના અડોશી-પડોશી, મિત્રો સગા-સ્નેહીજનો સાથે વાજતે ગાજતે 'બાપ્પા'ને વિદાય આપી હતી તે દરમિયાન અનેક યજમાન શ્રધ્ધાળુઓની આંખો લાગણીસભર થવાને કારણે ભીની થવા પામી હતી. ગણેશ વિસર્જનમાં યુવાનો ઉપરાંત બાળકો પણ જોડાયા હતા. અને શ્રધ્ધાળુઓએ સાબરમતી સ્નાનનો પણ લાભ લીધો હતો. વિસર્જન અગાઉ ગણેશજીની આરતી-પૂજા અર્ચન કરવામા આવ્યું હતું તથા અબીલ ગુલાલની છોળો વચ્ચે શોભાયાત્રા જેવો માહોલ ખડો કરવામાં આવ્યો હતો.

## ચાર ચાર બંગડીના તાલે લહેરીલાલાઓ ઝૂમ્યાં...!!



ગાંધીનગરના વકીલ મિત્ર મંડળ દ્વારા આયોજિત અંબાજી પદયાત્રીઓ માટેના મહાકાળી મહાપ્રસાદ કેન્દ્ર ખાતે ગુજરાતની જાણીતી ગાયિકા કિંજલ દવે, લોક ગાયક રતનસિંહ વાઘેલા તથા દર્શના વ્યાસના ગીતોનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં પ્રેક્ષકો ઉમટી પડયા હતા. કિંજલ દવેએ પોતાની આગવી સ્ટાઈલમાં 'ચાર ચાર બંગડીવાળી ગાડી' અને 'અમે ગુજરાતી લહેરીલાલા' સહિતના તેના લોકપ્રિય ગીતો રજુ કરતા યુવા દર્શકો કિકિયારીઓ સાથે ઝુમી ઉઠયા હતા. રતનસિંહ વાઘેલાએ પણ તેમની આગવી અદાઓ સાથે પરફોર્મન્સ આપી દર્શકોનું ભરપૂર મનોરંજન કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે આ પ્રસંગે મધુર ડેરીના ચેરમેન ડૉ. શંકરસિંહ વાઘેલા પરિવાર સહિત ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને માણ્યો હતો.

## નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા હિન્દી પખવાડીયાનું આયોજન

ભારત સરકાર દ્વારા તા. ૧૪-૯-૨૦૧૮ થી તા. ૩૦-૯-૨૦૧૮ દરમિયાન હિન્દી પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી આ ઉપરાંત હિન્દીનો રાષ્ટ્રભાષા તરીકે અને રાજભાષા તરીકે કેન્દ્ર સરકારની ઓફીસોમાં અંગ્રેજીની જગ્યાએ ઉપયોગ થાય તે હેતુથી આ પખવાડીયું મનાવવામાં આવે છે. આ નિમિત્તે નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સે-૩૦ દ્વારા 'રાષ્ટ્રભાષા યુવા રેલી'નું આયોજન કરાયું હતું. વિદ્યાલયથી નેહરુ યુવા કેન્દ્ર સુધી પદયાત્રા કરી હતી. આ પખવાડીયા દરમિયાન વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન હાથ ધરેલ છે. આ પ્રસંગે નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગરના સંયોજક રજનીકાંત સુથાર, હિન્દી વિદ્યાલયના ટ્રસ્ટી યુવરાજસિંહ વાઘેલા, ઈન્કમટેક્ષ વિભાગના અધિકારી રત્નમ ઝાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.






લાયોનેસ ક્લબ ગાંધીનગર અને વિજુબેન ગુપ્તેના સહયોગથી સરકારી દત્તક શાળા સેકટર-૭ની ૫૦ વિદ્યાર્થીઓને બસમાં ઈન્દ્રોડા પાર્ક ખાતે પિકનિક લઈ ગયા હતા ત્યાં કુસુમબહેને ખુબ જ સરસ પ્રકૃતિ ને લગતી માહિતી આપી હતી અને વિદ્યાર્થીઓને પાર્કમાં જમાડવામાં આવ્યા હતા. જયાં તેમને ખુબ મજા આવી હતી. લાયોનેસ ક્લબના પ્રમુખ ડિમ્પલ દેસાઈ, વિજુબેન ગુપ્તે, દ્વિતીય ઉપપ્રમુખ મિત્તલ રાણા, ઉષાબેન ટાટુ તથા પ્રિતીબેન હાજર રહ્યા હતા.

## ગાંધીનગરમાં પાંચમી ઓકટોબરે ડાક અદાલત

ગાંધીનગર, તા.૧૯

ડાક અદાલતનું આયોજન ગાંધીનગરમાં તા. ૫ ઓકટોબર ૨૦૧૮ના રોજ ૧૧.૩૦ કલાકે ટપાલસેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર ડિવિઝન સે-૧૧ ખાતે કરવામાં આવેલ છે.

આ અદાલતમાં ટપાલ સેવાઓને લગતી ફરિયાદો સાંભળવામાં આવશે. આ અંગેની આપની ફરિયાદો સિનિ. સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ગાંધીનગર ડિવિઝન સે-૧૧ને મોડામાં મોડી તા. ૨૪-૯-૨૦૧૮ સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય મર્યાદા બાદ મળેલ ફરિયાદોને ધ્યાનમાં લેવામાં આવશે નહિ. ફરિયાદ સ્પષ્ટ મુદ્દાસર તેમજ એક જ વિષય પર હોવી જોઈએ. નિતિ વિષયક ફરિયાદોને ઉપરોકત ડાક અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

## આર્ય સમાજ મંદિરે હિન્દી નિબંધ સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૨૪માં આર્યસમાજ મંદિર ખાતે રાષ્ટ્રભાષા પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા આયોજિત હિન્દી નિબંધ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધાના સમાપન પ્રસંગે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ગાંધીનગર પરપ્રાંતિય સમાજના અગ્રણી તુલસીભાઈ માલી અધ્યક્ષપદે તથા પ્રવિણભાઈ મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધામાં શહેરની શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

હિન્દી નિબંધ સ્પર્ધામાં ધો-૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે 'રાષ્ટ્રભાષા મેરા ગૌરવ' અને ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થી માટે 'હિન્દી હૈ હિન્દ કી શાન' વિષય રાખવામાં આવ્યો હતો. ધો-૫ થી ૮ના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે જીનલ પરમાર, દ્વિતિય સ્થાને ચારુ સૈની અને તૃતીય સ્થાને કરણ દાદલિયા જયારે ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે મનાલી વ્યાસ, દ્વિતિય સ્થાને હની દલાલ તથા તૃતીય સ્થાને દેવાંગ જોશી વિજયી બન્યા હતા. રાષ્ટ્રભાષા પ્રચાર પ્રસાર સમિતિના સંયોજક મુકેશકુમાર વ્યાસ સહિત ઉપસ્થિત અતિથિઓ એડવોકેટ જશવંતજી, વેપારી મધુભાઈ પ્રજાપતિ, વિક્રમસિંહ રાજપૂત, પ્રદિપસિંહ, મહેન્દ્રભાઈ તથા પંડિત ચંદ્રશાસ્ત્રી દ્વારા વિદ્યાર્થીઓને અભિનંદન આપવા સાથે ઈનામો તથા પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

## સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજમાં જ્ઞાન-સજ્જતા સપ્તાહ યોજાયું

ગાંધીનગર, તા.૧૯

શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ખાતે તા. ૧૦-૯૨૦૧૮થી તા.૧૫-૯-૨૦૧૮ સુધી એક ઐતિહાસિક શૈક્ષણિક ઉપક્રમ યોજાયો હતો. એક સપ્તાહ સુધી એક અનોખો જ્ઞાનયજ્ઞ સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના આંગણે પ્રજ્જવલિત થઈ ઉઠયો જેમાં એક સપ્તાહ સુધી ગુજરાતી, સંસ્કૃત, કોમર્સ, અંગ્રેજી અને અર્થશાસ્ત્રના ગુજરાતભરમાં જાણીતા ૫૫ જ્ઞાન ઉપાસક તજજ્ઞોએ ગાંધીનગર જિલ્લાના કુલ ૧૦૦૦ વિદ્યાર્થીઓ સાથે આખો દિવસ સંવાદ કર્યો હતો અને વિદ્યાર્થીઓને અભ્યાસમાં ઉપયોગી તેમજ તેમના વિષયની સજ્જતા વધારી હતી.

આ પ્રસંગે સતીશ વ્યાસ, કિરીટ ત્રિવેદી, હરીશ ઓઝા, કમલેશ ચોકસી અને હેમંત શાહ જેવા રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પ્રાપ્ત વિદ્વાનો વિદ્યાર્થીઓને જ્ઞાન આપે અને ગાંધીનગર તેમજ આસપાસના વિદ્યાર્થીઓ ઉપરોકત વિદ્વાનો તેમજ અન્ય ૫૦ જેટલા ગુજરાતભરમાંથી પધારેલા તજજ્ઞ અધ્યાપકો પાસે આખો દિવસ જ્ઞાન મેળવે તે ઘટના સાચા અર્થમા મૂલ્યનિષ્ઠ શિક્ષણનું મહત્વ વધારનારી જણાઈ હતી. આ આખા સપ્તાહમાં પ્રત્યેક દિવસો પ્રથમ બેઠક વરિષ્ઠ વિદ્વાનોની હતી તેમજ બપોરે જમ્યા બાદ આ સૌ વિદ્યા પુરુષોએ પ્રથમ દ્વિતીય અને પાંચમા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને વર્ગમાં જઈને ભણાવ્યું હતું. આ આખા ઉપક્રમનું સંયોજન ગુજરાતી વિભાગના વિભાગાધ્યક્ષ ડૉ. સમીર ભટ્ટે કર્યુ હતું તેમજ આખો ઉપક્રમ આચાર્ય ડૉ. દીપક પંડયા અને ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. સમગ્ર સપ્તાહને સફળ બનાવવા સમર્પણ કોલેજના સમગ્ર અધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી. આ ઉપરાંત મેનેજીંગ ટ્રસ્ટી શંકરસિંહજી વાઘેલાએ આ સફળ આયોજન બદલ સમગ્ર કોલેજને અભિનંદન પાઠવ્યા હતા.



## હવેલી મંદિર ખાતે ફિઝિયોથેરાપી નિ:શુલ્ક કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજના સંયુકત ઉપક્રમે સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરેપીના તબીબી અધિકારીઓ દ્વારા તા. ૨૪ થી ૨૮મી સપ્ટેમ્બર સુધી પાંચ દિવસ દરમિયાન સવારે નવ થી એક કલાક દરમિયાન નિ:શુલ્ક ફિઝીયોથેરેપી કેમ્પનું આયોજન સે-૨૧ની શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે કરવામાં આવ્યું છે. નિષ્ણાંત ડૉકટરો દ્વારા તેમાં સારવાર આપવામાં આવશે ઘુંટણ, કમર, મણકાના દુ:ખાવા અંગે સારવાર માર્ગદર્શન નિ:શુલ્ક આપવામાં આવશે.



## ચિલોડા-દહેગામ માર્ગ પર પુનમ બંગ્લોઝ પાસે કૂતરૂ આડુ આવતા બાઈકસવાર પિતા-પુત્રને ઈજા

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના મુખ્ય જંકશન મથક ગણાતુ ચિલોડા-હિંમતનગર-અમદાવાદ-દહેગામ માર્ગ પર નાના-મોટા અસંખ્ય વાહનો પુરઝડપે ગફલતભરી રીતે હંકારતા વાહનચાલકોને અકસ્માતોની વણથંભી વણઝારથી અકસ્માતોની સંખ્યા દિનપ્રતિદિન વધવા પામી છે. ત્યારે ચિલોડા-દહેગામ માર્ગ પર પુનમ બંગ્લોઝ સોસાયટીની સામે ચિલોડાથી દહેગામ થઈ સાઠંબા તરફ જવા નીકળેલ બાઈકસવાર નં. જીજે.૩૫સી.૯૪૩૪ પર પિતા-પુત્ર પસાર થઈ રહ્યા હતા ત્યારે સોસાયટી તરફથી કૂતરૂ અચાનક આડુ આવતાં બાઈકનું સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા બંનેને અકસ્માત થતાં ઈજાગ્રસ્ત થયા હતા. આ બંનેને ગાંધીનગર લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવતા ઈજાગ્રસ્ત બંનેને ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયા હતા. આમ અકસ્માત થતાં સોસાયટીના માણસો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.



## ચિરવિદાય

- સ્વ. રત્નોત્તર પરભુદાસ શિવરામભાઈ, ઉ.વ. ૬૯
- સ્વ. ચૌહાણ જયદિપસિંહ દુર્ગેશસિંહ, ઉ.વ. ૩૭
- સ્વ. ભાવસાર ઉમેશભાઈ બાબુભાઈ, ઉ.વ. ૫૭